100. બિનનિવાસી ભારતીયો (Non-Resident Indians) (NRIs) ના મતાધિકાર બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. NRIs એ જો સતત પાંચ વર્ષથી વધુ સમય માટે પરદેશમાં વસતા હોય તો તેઓ મત આપવા માટે પાત્રતા ધરાવતા નથી.
2. NRIs નું રહેઠાણ જ્યાં આવેલ હોય તે મતદાર ક્ષેત્રમાં માત્ર રૂબરૂમાં જ મત આપી શકે છે.
3. NRIs Electronically Transmitted Postal Ballot System (ETPBS) દ્વારા પરદેશમાંથી મત આપી શકે છે.
4. ભારતની બહાર નિમણૂંક પામેલા માત્ર સેના દળો, પોલીસ અને સરકારી કર્મચારીઓ માટે જ અવેજી (Proxy) મતદાનનો વિકલ્પ ઉપલબ્ધ છે.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2 અને 4 (C) માત્ર 3 અને 4 (D) 1, 2, 3 અને 4



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

101. જોડકાં જોડો

| કૃતિ | કર્તા |
|---|---|
| I. મકસદ | a. ચંદ્રવદન મહેતા |
| II. બીજી સવારનો સૂરજ | b. નગીનદાસ મારફતીયા |
| III. ગુલાબ | c. હસુ યાજ્ઞિક |
| IV. કપુરનો દિવો | d. લાભશંકર ઠાકર |

(A) I - a, II - b, III - c, IV - d
(B) I - d, II - c, III - b, IV - a
(C) I - d, II - c, III - a, IV - b
(D) I - a, II - b, III - d, IV - c

102. જોડકાં જોડો

| | |
|---|---|
| I. એન્ડ્રુઝ પુસ્તકાલય | a. ભાવનગર |
| II. સયાજી વિજય પુસ્તકાલય | b. નવસારી |
| III. લેંગ પુસ્તકાલય | c. રાજકોટ |
| IV. બાર્ટન પુસ્તકાલય | d. સુરત |

(A) I - a, II - b, III - c, IV - d
(B) I - d, II - b, III - c, IV - a
(C) I - d, II - a, III - b, IV - c
(D) I - a, II - d, III - c, IV - b

103. ભીલ જનજાતિમાં ગાંધર્વ લગ્ન માટે નીચેના પૈકી કયા શબ્દનો પ્રયોગ થાય છે ?
(A) કહોતી લગ્ન
(B) બીરહૂર
(C) સાટા લગ્ન
(D) ઉદાળી જવું

104. નીચેના પૈકી કયું / કયા જોડકું / જોડકાં યોગ્ય રીતે જોડાયેલું / જોડાયેલા નથી ?

| મેળો | માસ |
|---|---|
| I. અખાત્રીજ | a. માર્ચ |
| II. દશેરા | b. ઓક્ટોબર |
| III. ઘેરનો મેળો | c. માર્ચ |
| IV. ડાંગ દરબાર | d. ફેબ્રુઆરી |

(A) I, II, III અને IV
(B) ફક્ત II અને IV
(C) ફક્ત II અને III
(D) ફક્ત III

105. નીચેના પૈકી અચિંત્ય ભેદ-અભેદની વૈષ્ણવ પરંપરાના મહાન સંત કોણ હતા ?
(A) નરસિંહ મહેતા
(B) ચૈતન્ય મહાપ્રભુ
(C) ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ
(D) વલ્લભાચાર્ય

106. પ્રાકૃતિક ચિકિત્સા માટેની વિવિધ ઔષધીય વનસ્પતિઓનું અપૂર્વ સંગ્રહાલય ________ ખાતે આવેલું છે.
(A) વઘઈ બોટનીકલ ગાર્ડન, ડાંગ
(B) સરદાર સરોવર મ્યુઝિયમ
(C) જૂનાગઢ
(D) આહવા


Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

107. સ્ત્રીપાત્રો ભજવવા માટે વિખ્યાત એવા નીચેના પૈકી કયા અભિનેતાએ "અભિનયપંથે" નામથી આત્મકથા લખી છે ?

(A) અમૃત જાની
(B) અમૃત કેશવ નાયક
(C) પ્રભાશંકર "રમણી"
(D) જયશંકર "સુંદરી"

108. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

I. 14મી સદીમાં કાલકાચાર્ય જૈન લઘુચિત્ર ચિત્રકલા માટે પ્રખ્યાત મુનિ હતાં.

II. તંજાવુર એકવિધ 'વિમાન' અને 'રથ' સ્થાપત્ય માટે વિખ્યાત છે.

III. ભીમબેટકા તેની ખડક ચિત્રકલા માટે જાણીતું છે.

(A) I, II અને III
(B) ફક્ત I અને II
(C) ફક્ત I અને III
(D) ફક્ત II અને III

109. આલ્ડ્સ હક્સલે નીચેના પૈકી કોને "બિકાનેરના ગૌરવ" તરીકે વર્ણવે છે ?

(A) કોઠારી હવેલી
(B) રામપુરિયા હવેલી
(C) ઢાઢા હવેલી
(D) સોપાની હવેલી

110. નીચેના પૈકી કોણ હડપ્પન મહોર ઉપર બેઠેલાં યોગી તરીકે જોવા મળે છે ?

I. બુધ્ધ II. પશુપતિ III. વરૂણ IV. ઈન્દ્ર

(A) ફક્ત I
(B) ફક્ત III અને IV
(C) ફક્ત II
(D) ફક્ત I અને II

111. નીચેના પૈકી કયા વૈભવી સ્થાપત્યો પલ્લવો દ્વારા બાંધવામાં આવ્યાં હતાં ?

I. કૈલાસનાથર મંદિર, કાંચિપુરમ્

II. કોટિકાલ મંડપ, મહાબલિપુરમ્

III. એરોવતેશ્વર મંદિર, દારાસુરમ્

(A) ફક્ત I અને II
(B) ફક્ત II અને III
(C) ફક્ત I અને III
(D) I, II અને III

112. નીચેના પૈકી કોણે ગુજરાતની ટંકશાળમાં બાર સૂર્ય રાશિના જુદા જુદા 'રાશિ' સિક્કાઓ બહાર પાડ્યાં ?

(A) સિધ્ધરાજ
(B) મૂળરાજ
(C) જહાંગીર
(D) વનરાજ

113. જોડકાં જોડો

| તખલ્લુસ | લેખક |
|---|---|
| I. મુમુક્ષુ | a. રમણભાઈ મહિપતરામ નીલકંઠ |
| II. વનમાળી | b. ઝવેરચંદ મેઘાણી |
| III. સુકાની | c. કેશવલાલ ધ્રુવ |
| IV. મકરંદ | d. આનંદશંકર ધ્રુવ |

(A) I - a, II - b, III - c, IV - d
(B) I - d, II - c, III - b, IV - a
(C) I - a, II - c, III - b, IV - d
(D) I - d, II - b, III - c, IV - a



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

114. નીચેના પૈકી કયું ગીત રણછોડભાઈ ઉદયરામ કૃત "નિંદ્યશૃંગાર નિષેધક" નાટકનું છે ?

(A) શાણી દીકરી પધાર તું સાસરે, સિધ્ધ કર શુભ કામ.

(B) ન પાકે વિચારે કરે કામ જ્યારે ન સારા પરિણામની આશ.

(C) અહીંથી લીધું, તહીંથી લીધું, લીધું જહીંથી લાધ્યું.

(D) ઘરડા વરને જવાન વહુ ને જવાનને વહુ ઘરડી.

115. નીચેના પૈકી કયા ગુજરાતી ભક્તિ કવિ 15મી સદીના છે ?

I. પ્રેમાનંદ ભટ્ટ II. નરસિંહ મહેતા III. દલપતરામ

(A) ફક્ત I અને II (B) ફક્ત II

(C) ફક્ત II અને III (D) ફક્ત I

116. આદિવાસીઓની સૌ પ્રથમ કોંગ્રેસ કહી શકાય તેવી રાનીપરજ પરિષદનું ઘાટામાં આયોજન કોના દ્વારા થયું હતું ?

(A) રાયસિંગભાઈ ચૌધરી (B) કોટલા મહેતા

(C) ગોવિંદભાઈ દેસાઈ (D) અમરસિંહ ગામીત

117. સંગીત સમ્રાટ તાનસેન કયા વાદ્યના નિષ્ણાત વાદક હતાં ?

(A) સિતાર (B) મૃદંગ (C) સંતૂર (D) રવાબ

118. જોડકાં જોડો.

I. કેખુશરો કાબરાજી — a. મુંબઈ ગુજરાતી નાટક મંડળી

II. વાઘજીભાઈ આશારામ ઓઝા — b. શ્રી દેશી નાટક સમાજ

III. ડાહ્યાભાઈ ધોળશાજી — c. વિક્ટોરિયા નાટક મંડળી

IV. જયશંકર 'સુંદરી' — d. મોરબી આર્ય સુબોધ નાટક મંડળી

(A) I - a, II - c, III - d, IV - b (B) I - c, II - b, III - a, IV - d

(C) I - c, II - d, III - b, IV - a (D) I - a, II - c, III - b, IV - d

119. પંચમહાલના આદિવાસીઓમાં નીચેના પૈકી કઈ ખેત પધ્ધતિ પ્રચલિત છે ?

(A) કુમરી (B) જુમ અને દાંઝણા

(C) પણ પાવરટા (D) રાબ

120. જોડકાં જોડો.

I. અખો ભગત — a. હયહસ્તી રથ પાળા દીસે - બખતરીયા બિહામણા

II. પ્રેમાનંદ — b. ગેબી નિપજ થઈ પિંડ તણી, ત્યારે ત્યાં નોતો ધણી

III. પ્રીતમ — c. તીરે ઊભા જુવે તમાશો તે, કોડી નવ પામે જોને

IV. નરસિંહ મહેતા — d. ખરચતા ગરથ ભંડાર ખૂટે તો, ખૂટજ્યો રે
સોનુ પિહરિતાં કાન તૂટે તો, ત્રૂટજ્યો રે

(A) I - a, II - b, III - c, IV - d (B) I - b, II - a, III - c, IV - d

(C) I - c, II - d, III - a, IV - b (D) I - d, II - c, III - b, IV - a



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in



121. આદિવાસી ગીતોમાં 'તાજ વગરના રાજા' તરીકે કોણ ઓળખાય છે ?

(A) ગાંધીજી
(B) સરદાર પટેલ
(C) વિનોબા ભાવે
(D) જવાહરલાલ નહેરૂ

122. નીચેના પૈકી કયા ગુજરાતી કવિએ 'ચિત્તવિચારસંવાદ' લખ્યું છે ?

(A) નરસિંહ મહેતા
(B) અખો
(C) પ્રેમાનંદ
(D) દયારામ

123. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

I. પ્રાચિનકાળથી પ્રસિધ્ધ વિદ્યાકેન્દ્ર વારાણસી ખાતે વિદ્વાન બ્રાહ્મણો રૂઢ પ્રણાલીમાં વ્યક્તિગત રીતે શિક્ષણ આપતા અને પોતાનાં વિદ્યાલયો ચલાવતાં

II. તે વખતે વારાણસીમાં કોઈ જાહેર શિક્ષણ સંસ્થાઓ ન હતી.

III. અહીં માત્ર ધર્મશાસ્ત્રનું જ શિક્ષણ અપાતું હતું.

(A) I, II અને III
(B) ફક્ત I અને III
(C) ફક્ત I અને II
(D) ફક્ત II અને III

124. જોડકાં જોડો.

| નાટક | નાટ્યકાર |
|---|---|
| I. હું જ સીઝર અને હું જ બ્રુટસ | a. મધુ રે |
| II. આખું આયખુ ફરીથી | b. ચીનુ મોદી |
| III. કુમારની અગાશી | c. હસમુખ બારાડી |
| IV. રાજા મિડાસ | d. લવકુમાર દેસાઈ |

(A) I - a, II - b, III - c, IV - d
(B) I - a, II - b, III - d, IV - c
(C) I - d, II - c, III - a, IV - b
(D) I - d, II - c, III - b, IV - a

125. નીચેના પૈકી કયા કલાકારે પગમાં સોનાનો તોડો પહેરીને પરંપરાગત ગુજરાતી નાટકમાં રાજા ભરથરીનું પાત્ર ભજવ્યું હતું ?

(A) નટવર મસ્તાન
(B) મોહન લાલાજી
(C) પ્રાણજીવન જોષી
(D) મૂળજી આશારામ ઓઝા

126. કાલીબંગા ___________ નદીના સુકા તટ ઉપર આવેલુ હતું.

(A) તાપી
(B) ઘાઘર
(C) નર્મદા
(D) ચિનાબ

127. ત્રણ ઉચ્ચ વર્ણો, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, ___________ કહેવાતા હતા.

(A) દ્વિજ
(B) રાજન્ય
(C) ઉપનયન
(D) સભાસદ

128. નીચેના પૈકી કયા જોડકાઓ યોગ્ય રીતે જોડાયેલાં છે ?

I. બિંદુસાર – અમિત્રાઘટ

II. સમુદ્રગુપ્ત – પરાક્રમક

III. કુમારગુપ્ત – મહેન્દ્રદિત્ય

IV. સ્કંદગુપ્ત – કર્માદિત્ય

(A) I, II, III અને IV
(B) ફક્ત I અને III
(C) ફક્ત II, III અને IV
(D) ફક્ત I, III અને IV



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

129. શૂંગ કાળ દરમ્યાન __________ એ સાકેત અને મધ્યમીકા ઉપર આક્રમણ કર્યું.

(A) યુક્રિટાઈડ્સ
(B) એલેકઝાન્ડર
(C) એન્ટાબાઈસીડ્સ
(D) મિનેન્ડર

130. નીચેના પૈકી કયો / કયા અધિકારી / અધિકારીઓનો ઉલ્લેખ મૌર્ય શાસનમાં નથી મળતો ?

I. સમાહર્તા
II. સન્નિધાતા
III. કુમારમાત્ય
IV. અંતપાલ

(A) ફક્ત I અને III
(B) ફક્ત I અને IV
(C) ફક્ત II
(D) ફક્ત III

131. નીચેના પૈકી કઈ ઘટના / ઘટનાઓ કુષાણ રાજવી કનિષ્ક-I સાથે સંકળાયેલી છે ?

I. કુંડલવન વિહાર ખાતે ચોથી બૌધ્ધ સંગિતીનું આયોજન
II. બૌધ્ધ મિશનરીઓને ઇજિપ્ત અને ગ્રીસ મોકલવાં.
III. પુરુષપુરને પોતાની રાજધાની બનાવવી.

(A) ફક્ત I
(B) ફક્ત II
(C) ફક્ત I અને II
(D) ફક્ત I અને III

132. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

I. સને 1565માં લડાયેલા રક્ષાઈ-તંગડીના યુધ્ધે વિજયનગર સામ્રાજ્યનો અચાનક અંત આણ્યો.
II. પોર્ટુગીઝ યાત્રીઓ ડોમિંગો પેસે અને બારબોસાએ વિજયનગરની મુલાકાત લીધી હતી.
III. કૃષ્ણદેવરાય તેમના કલા અને સાહિત્ય આશ્રને લીધે "આંધ્ર ભોજ" તરીકે જાણીતા હતા.

(A) ફક્ત I
(B) ફક્ત III
(C) ફક્ત I અને II
(D) ફક્ત II અને III

133. હર્ષવર્ધનનું શાસન જોશીલી રાજકીય પ્રવૃત્તઓવાળું હતું. આ સંદર્ભે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

I. માલવના રાજા, દેવગુપ્તે હર્ષવર્ધનનું અધિરાજપદ સ્વીકાર્યું.
II. કામરૂપના રાજા, ભાસ્કરવર્મને હર્ષવર્ધન સાથે મિત્રતાની સંધિ કરી.
III. હર્ષવર્ધને ગૌડના રાજા શશાંકને પરાજિત કર્યો હતો.

(A) ફક્ત II
(B) ફક્ત III
(C) ફક્ત I અને III
(D) ફક્ત II અને III

134. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

I. રાજરાજ ચોલ પ્રથમે જમીન સર્વેક્ષણ અને આકારણીના પ્રોજેક્ટની શરૂઆત કરી.
II. કેરળના ભાસ્કર રવિવર્મન રાજરાજ ચોલ પ્રથમના સમકાલીન હતાં
III. રાજેન્દ્ર પ્રથમના સૌથી જ્યેષ્ઠ પુત્ર રાજાધિરાજની હત્યા તેના નાના ભાઈ કલોત્તુંગ દ્વારા કરવામાં આવી હતી.

(A) ફક્ત I અને II
(B) ફક્ત I અને III
(C) ફક્ત II અને III
(D) ફક્ત I



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

135. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

I. ચાલુક્ય રાજવંશના ભીમ પ્રથમે મહમુદ ગઝનીને સને 1025 માં પરાજિત કર્યો.

II. મૂળરાજ પ્રથમ અણહિલવાડના ચાલુક્ય રાજવંશના સ્થાપક હતાં.

III. ચામુંડરાજ ચાલુક્યએ પોતાના રાજ્યનો પરમાર સિંધુરાજના આક્રમણ સામે બચાવ કર્યો.

(A) ફક્ત I
(B) ફક્ત II
(C) ફક્ત I અને II
(D) ફક્ત II અને III

136. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

I. વલ્લભીના મૈત્રક રાજવંશના સ્થાપક, ભાટાર્કને ગુપ્ત સામ્રાજ્ય દ્વારા ગુજરાતમાં સરસેનાપતિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં હતાં.

II. એરણના પથ્થર સ્તંભનો શિલાલેખ ગુપ્તાઓ અને મૈત્રકો વચ્ચેના 'પ્રખ્યાત યુધ્ધ'નો ઉલ્લેખ કરે છે.

III. વલ્લભી રાજવી ધ્રુવસેન બીજો બુધ્ધગુપ્તનો સમકાલીન હતો.

(A) ફક્ત I
(B) ફક્ત III
(C) ફક્ત I અને II
(D) ફક્ત I અને III

137. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

I. મહમ્મદ ઘોરી હેઠળના તુર્કો દ્વારા મૂળરાજ-બીજાને હરાવવામાં આવ્યો હતો.

II. સત્તા પ્રાપ્ત કર્યા પહેલાં વાઘેલા અણહિલવાડના ચાલુક્યો હેઠળ સેવાઓ આપતાં હતાં.

III. જયસિંહ સિધ્ધરાજનો ચાલુક્ય રાજા વિક્રમાદિત્ય સાથે સંઘર્ષ થયો હતો.

(A) ફક્ત II અને III
(B) ફક્ત I અને II
(C) ફક્ત I અને III
(D) ફક્ત II

138. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

I. મેજર વોકર, મે 1800 માં બરોડા ખાતે પોલીટીકલ રેસીડન્ટ તરીકે નિયુક્ત થયા હતાં.

II. પેશ્વા બાજીરાવ-II ઈસ્ટ ઈન્ડીયા કંપની સાથે સહાયકારી યોજનામાં જોડાયાં હતાં.

III. ગાયકવાડોને તકલીફો પહોંચાડતું આરબ ભાડૂતી દળ આખરે આનંદ રાવ દ્વારા ડિસેમ્બર 1801 માં પરાજિત થયું.

(A) ફક્ત I
(B) ફક્ત II
(C) ફક્ત I અને II
(D) ફક્ત I અને III

139. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

I. દયાનંદ સરસ્વતીનો જન્મ ગુજરાતમાં ટંકારા ખાતે 1824 માં થયો હતો.

II. આર્યસમાજમાં મોટા ભાગલાં મુંબઈ ખાતે 1887 માં પડ્યાં.

III. દેવેન્દ્રનાથ ટાગોર દ્વારા તત્ત્વબોધિની સભાની સ્થાપના કરવામાં આવી હતી.

(A) ફક્ત I
(B) ફક્ત I અને III
(C) ફક્ત II
(D) ફક્ત II અને III



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

140. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

I. ભાવનગરના મહારાજા તખતસિંહજીએ ભાવનગર-વઢવાણ રેલ્વે લાઈનને ડિસેમ્બર 1880 માં મંજૂરી આપી.

II. ખંડેરાવ ગાયકવાડે 1908 માં બેંક ઑફ બરોડાની સ્થાપના કરી.

III. સયાજીરાવ ત્રીજાએ ગાયકવાડ બરોડા સ્ટેટ રેલ્વે 1862 માં શરૂ કરી.

(A) ફક્ત I
(B) ફક્ત II
(C) ફક્ત I અને II
(D) ફક્ત II અને III

141. ગદર ચળવળ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

I. ફાળો ઉઘરાવવા અને ભારતમાંથી અંગ્રેજ રાજને ઉથલાવી દેવા માટે સમર્પિત એવા વિદેશી પંજાબીઓના ગઠબંધન તરીકે કેલિફોર્નિયામાં ગદર ચળવળ શરૂ થઈ.

II. તેનું આયોજન અને નેતૃત્વ લાલા લાજપતરાય અને બિપીનચંદ્ર પાલ દ્વારા થયું હતું.

III. પત્રિકાઓ છપાવાવનું તેમજ ભારતમાં ક્રાન્તિ માટે હથિયારો અને સ્વયંસેવકો પણ મોકલવાનું આયોજન થયું. હતું.

IV. જોકે, 1920 ના દાયકા દરમ્યાન ગદર પાર્ટીનું પુનઃગઠન થયું અને તે ભારતની આઝાદીના સમય સુધી પંજાબી અને શીખ ઓળખના કેન્દ્રબિંદુ તરીકે ચાલુ રહી.

(A) ફક્ત I, II અને III
(B) ફક્ત I, II અને IV
(C) ફક્ત I, III અને IV
(D) I, II, III અને IV

142. મહાગુજરાત ચળવળ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

I. અમદાવાદમાં 8મી ઓગષ્ટ, 1957 ના રોજ જ્યારે કેટલાક કોલેજના વિદ્યાર્થીઓ માર્યા ગયા ત્યારે આંદોલન હિંસક બન્યું.

II. ક. મા. મુન્શીએ 1937 માં મહા-ગુજરાત શબ્દ કરાચીમાં આપ્યો.

III. ઈંદુલાલ યાજ્ઞિકે મહા-ગુજરાત જનતા પરિષદની સ્થાપના કરી.

(A) ફક્ત III
(B) ફક્ત II અને III
(C) ફક્ત I
(D) ફક્ત I અને II

143. મોહેં-જો-ડરો માંથી મળી આવેલાં દાઢીવાળા પૂરૂષની અર્ધ-પ્રતિમા __________ ની બનેલી છે.

(A) પકવેલી માટી (ટેરાકોટા)
(B) રેતીનો પથ્થર (સેન્ડસ્ટોન)
(C) સ્ટીટાઈટ
(D) રેડ સ્ટોન

144. સિંધુ નદીના આસપાસના વિસ્તારને 'નિખિલસ્તાન' કહે છે જેનો અર્થ __________ થાય છે.

(A) ઈડનનો બગીચો
(B) સ્વપ્નોનો બગીચો
(C) સિંધનો બગીચો
(D) મૃતનો બગીચો

145. અલ બરૂનીની "કિતાબ-ઉલ-હિંદ" __________ ભાષામાં લખાયેલી છે.

(A) હિન્દી
(B) અરબી
(C) તુર્કી
(D) પર્શિયન

146. કર્મનો સિધ્ધાંત કે જે ઉપનિષદોમાં સંપૂર્ણ રીતે વિકસિત થયો તેનો પ્રથમ ઉલ્લેખ __________ માં થયો હતો.

(A) એતરેય બ્રાહ્મણ
(B) શતપથ બ્રાહ્મણ
(C) કૌષીતકિ બ્રાહ્મણ
(D) આર્સેય બ્રાહ્મણ



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

147. ઋગ્વેદમાં ગાયત્રી મંત્ર નીચેના પૈકી કઈ દેવીને સમર્પિત કરવામાં આવ્યો છે ?

(A) લક્ષ્મી (B) સાવિત્રી (C) અગ્નિ (D) મારૂતિ

148. વર્ધમાન મહાવીરના અનુયાયીઓ મૂળ રીતે __________ કહેવાતાં.

(A) નિર્ગ્રંથ (B) સુરગ્રંથ (C) આદિગ્રંથ (D) મહાગ્રંથ

149. ભારત સાથે વેપાર કરવા જોઈન્ટ સ્ટોક કંપની સૌ પ્રથમ શરૂ કરનાર __________ હતાં.

(A) પોર્ટુગીઝ (B) ડચ (C) ફ્રેન્ચ (D) ડેનીશ

150. __________ ખાતેના શિલાલેખો દ્વારા ચોલ હેઠળના ગ્રામ્ય શાસનને લગતી ઘણી વિગતો મળી આવી છે.

(A) તંજાવુર (B) ઉરૈયુર (C) કાંચિપુરમ્ (D) ઉતિરમેરૂર

151. એક વસ્તુની કિંમતમાં 30% જેટલો વધારો કરવામાં આવે છે અને ત્યારબાદ તેના પર 10% ના બે સતત વળતર આપવામાં આવે છે. તો અંતે આ વસ્તુની કિંમત...

(A) 10% વધશે
(B) 5% વધશે
(C) 3.3% વધશે
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

152. એક બસ કોઈપણ રોકાણ વિના સરેરાશ 70 કિમી/કલાકની ઝડપે ચોક્કસ અંતર કાપે છે અને રોકાણ સાથે તે સમાન અંતર 50 કિમી/કલાકની ઝડપે કાપે છે. તો તે પ્રતિ કલાકે કેટલો સમય રોકાઈ હશે ?

(A) 16.84 મિનિટ
(B) 17.14 મિનિટ
(C) 18.64 મિનિટ
(D) 19.14 મિનિટ

153. જો $11^2$ અને $3^3$ એ બંને સંખ્યાઓ $a \times 4^3 \times 6^2 \times 13^{11}$ ના અવયવો હોય તો, 'a' નું લઘુતમ મૂલ્ય કેટલું હશે ?

(A) 33
(B) 363
(C) 121
(D) 3267

154. એક સંમેય સંખ્યાનો છેદ તેના અંશ કરતાં 3 જેટલો વધારે છે. જો અંશ 7 જેટલો વધારવામાં આવે અને છેદ 1 જેટલો ઘટાડવામાં આવે, તો નવી સંખ્યા 3/2 બને છે. તો મૂળ સંખ્યા કઈ હશે?

(A) 8/11
(B) 10/13
(C) 14/17
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

155. એક હોડીને પ્રવાહની વિરુધ્ધ દિશામાં ચોક્કસ અંતર કાપતા 6 કલાક 30 મિનિટ લાગે છે, તથા તેણે પ્રવાહની દિશામાં તેટલું જ અંતર કાપતા 3 કલાક લાગે છે. તો અનુક્રમે હોડીની ઝડપ અને પ્રવાહની ઝડપનો ગુણોત્તર કેટલો થશે ?

(A) 21 : 5
(B) 19 : 7
(C) 11 : 3
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

156. પીઝાની કિંમત તેની ત્રિજ્યાના વર્ગ સાથે સમપ્રમાણમાં ચલે છે. જો 6 ઇંચ ત્રિજ્યાના પીઝાની કિંમત રૂા. 800 હોય, તો 11 ઇંચ પીઝાની કિંમત નજીકની પૂર્ણાંક સંખ્યામાં કેટલી હશે ?

(A) રૂા. 1,467
(B) રૂા. 2,689
(C) રૂા. 3,287
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં


Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

157. એક ગોળાકાર દડામાંથી બે સરખા ભાગ બનાવવામાં આવે છે. જો દરેક ભાગની વક્ર સપાટીનું ક્ષેત્રફળ 56.57 ચો.સેમી હોય, તો તે ગોળાકાર દડાનું ઘનફળ કેટલું થશે? [$\pi = 3.14$]

(A) 107.04 $cm^3$
(B) 109.04 $cm^3$
(C) 113.04 $cm^3$
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

158. ABCD એક સમલંબ ચતુષ્કોણ છે, જેમાં $AB \parallel CD$, $AD \perp DC$, AB = 20 cm, BC = 13 cm અને DC = 25 cm છે. તો આ સમલંબ ચતુષ્કોણનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 232 $cm^2$
(B) 270 $cm^2$
(C) 354 $cm^2$
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

159. એક ઘડિયાળનો કલાક કાંટો મધ્યાહન પછી 75° ફરે છે. તો ઘડિયાળનો સમય :

(A) 14 કલાક
(B) 14:30 કલાક
(C) 15 કલાક
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

160. વિધાન : શું બાળકો તેમના માબાપની વૃદ્ધાવસ્થા દરમ્યાન કાળજી લે તે માટે તેમને કાયદાથી જવાબદાર બનાવવા જોઈએ ?
દલીલો :

I. આવી બાબતો ફક્ત કાયદા દ્વારા જ ઉકેલી શકાય.

II. હા. ગરીબ માબાપને આ રીતે જ કંઈક રાહત મળશે.

(A) ફક્ત દલીલ I મજબૂત છે.
(B) ફક્ત દલીલ II મજબૂત છે.
(C) દલીલ I અથવા II મજબૂત છે.
(D) દલીલ I કે II પૈકી કોઈ મજબૂત નથી.

161. P 75% કિસ્સાઓમાં સાચું બોલે છે અને Q 80% કિસ્સાઓમાં સાચું બોલે છે. તો એક જ ઘટનાનું વર્ણન કરતી વખતે, કેટલા ટકા કિસ્સાઓમાં તેઓ પરસ્પર વિસંગત મંતવ્ય આપે તેની સંભાવના છે ?

(A) 5%
(B) 15%
(C) 35%
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

162. એક 8 સેમી લંબાઈના સમઘનની સામસામેની સપાટીઓની ત્રણ જોડ લીલા, વાદળી અને લાલ રંગથી એવી રીતે રંગવામાં આવી છે કે જેથી પ્રત્યેક જોડમાંની દરેક સપાટી સમાન રંગની હોય. હવે તે સમઘનને કાપી નાના નાના અને એક સરખી 2 સેમી લંબાઈના સમઘનો બનાવવામાં આવે છે. તો જેની એક પણ સપાટી રંગવામાં આવી હોય તેવા કેટલા નાના સમઘન હશે?

(A) 2
(B) 4
(C) 8
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

163. 6 સભ્યો : P,Q, R, S, T અને U નું બનેલું ત્રણ પેઢીઓ ધરાવતું કુટુંબ એક વર્તુળાકાર ટેબલ પર ભોજન માટે બેઠું છે. જે પૈકી R, S અને T પુરૂષો છે જ્યારે P, Q અને U સ્ત્રીઓ છે. આ કુટુંબમાં 2 પિતા, 2 માતા અને ભાઈ-બહેનની એક જોડ (pair of siblings) છે. દંપતિઓમાંના પ્રત્યેક સભ્ય એકબીજાની સામે બેઠા છે. ત્રણેય પુરૂષો સાથે બેઠા છે, જે સ્ત્રીઓ માટે પણ સાચું છે. U એ T ની પુત્રવધૂ છે અને તે તેની ડાબી તરફ બીજા સ્થાને બેઠી છે. U ની પુત્રી તેણીની ડાબી તરફ બીજા સ્થાને બેઠી છે. તો U ના પતિની ડાબી તરફ બીજા સ્થાને કોણ બેઠું છે?

(A) P
(B) R અથવા S
(C) P અથવા Q
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

164. જો 'Q' એટલે '×'; R એટલે '–'; T એટલે '÷' અને W એટલે '+'; તો 20R12T4Q6W5 નું મૂલ્ય કેટલું થશે ?

(A) –3
(B) 7
(C) 17
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

165. એક છોકરી 6 સપ્ટેમ્બર, 1970 ના દિવસે રવિવારે જન્મી હતી. તો તેનો જન્મ દિવસ ફરીથી રવિવારે કયા વર્ષમાં આવશે ?

(A) 1981
(B) 1986
(C) 1988
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

★ (પ્રશ્નો 166-170 માટે નિર્દેશ ) : નીચેના પત્રકનો કાળજીપૂર્વક અભ્યાસ કરી પ્રશ્નોના ઉત્તર આપો:

| | ખર્ચની વિગત (રૂા. લાખમાં) | | | | |
|---|---|---|---|---|---|
| વર્ષ | પગારભથ્થા | બળતણ અને પરિવહન | બોનસ | લોન પરનું વ્યાજ | કરવેરા |
| 1998 | 288 | 98 | 3.00 | 23.4 | 83 |
| 1999 | 342 | 112 | 2.52 | 32.5 | 108 |
| 2000 | 324 | 101 | 3.84 | 41.6 | 74 |
| 2001 | 336 | 133 | 3.68 | 36.4 | 88 |
| 2002 | 420 | 142 | 3.96 | 49.4 | 98 |

166. આ સમયગાળામાં કંપનીએ પ્રતિવર્ષ કેટલું સરેરાશ વ્યાજ ચૂકવ્યું ?

(A) રૂા. 32.43 લાખ
(B) રૂા. 33.72 લાખ
(C) રૂા. 34.18 લાખ
(D) રૂા. 36.66 લાખ

167. કંપનીએ આ સમયગાળામાં ચુકવેલ કુલ બોનસ આ સમયગાળામાં ચુકવેલ કુલ પગારભથ્થાના આશરે કેટલા ટકા છે ?

(A) 0.1%
(B) 0.5%
(C) 1%
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

168. 1998માં તમામ બાબતો પરનો ખર્ચ 2002 માં થયેલ કુલ ખર્ચના આશરે કેટલા ટકા છે ?

(A) 62%
(B) 66%
(C) 69%
(D) 71%

169. વર્ષ 2000 માં કંપનીનો આ તમામ બાબતો પર કુલ ખર્ચ કેટલો છે ?

(A) રૂા. 544.44 લાખ
(B) રૂા. 501.44 લાખ
(C) રૂા. 446.44 લાખ
(D) રૂા. 478.44 લાખ

170. તમામ વર્ષોમાં કરવેરા પર કરેલ કુલ ખર્ચ તથા બળતણ અને પરિવહન પર કરેલ કૂલ ખર્ચનો ગુણોત્તર આશરે કેટલો છે ?

(A) 4 : 7
(B) 10 : 13
(C) 15 : 18
(D) 13 : 20



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

171. અહીં, એક પ્રશ્ન અને ત્રણ વિધાનો આપ્યા છે. તમારે એ નક્કી કરવાનું છે કે કયું / કયા વિધાન / વિધાનો તે પ્રશ્નનો જવાબ આપવા પર્યાપ્ત છે.

પ્રશ્ન : x નું મૂલ્ય કેટલું છે?

વિધાનો :

I. $2xyz + 6y - 8z + 5 = 0, z = 2$

II. $y = \sqrt{225} - \sqrt{116}$

III. $4xyz - 6z + 8y - 7 = 0, z = 3$

(A) I એકલું અથવા III એકલું પર્યાપ્ત છે

(B) I અને II અથવા I અને III પર્યાપ્ત છે.

(C) III એકલું પર્યાપ્ત છે

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

172. 80 સેમી વ્યાસના એક પાણીથી અંશતઃ ભરાયેલા નળાકારમાં 30 સેમી ત્રિજયાનો એક ગોળો નાખવાથી પાણીનું સ્તર x સેમી જેટલું વધે છે. તો x નું મૂલ્ય કેટલું હશે?

(A) 22.5 cm
(B) 25.5 cm
(C) 28.5 cm
(D) માહિતી અપૂરતી છે.

173. એક પાત્રમાં બે પ્રવાહી M અને N એ 7 : 5 ના પ્રમાણમાં છે. જો તેમાંથી 9 લિટર પ્રવાહી કાઢી લઈ તેટલું જ N નાંખવામાં આવે, તો M અને N નો ગુણોત્તર 7 : 9 બને છે. તો શરૂઆતમાં તે પાત્રમાં કેટલા લિટર પ્રવાહી M હશે ?

(A) 15
(B) 21
(C) 25
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

★ (174-176) પીળો, લીલો અને લાલ રંગના ત્રણ દડા, 1, 2 અને 3 નંબર આપેલી ત્રણ પેટીમાં (સમાન ક્રમમાં હોય તે જરૂરી નથી) મૂકવામાં આવનાર છે. ત્રણ મિત્રો J, K અને L પૈકી દરેક આ ગોઠવણી વિશે બે વિધાન આપે છે, જેમાંથી એક સાચું અને એક ખોટું છે.

તેમના વિધાનો આ મુજબ છે :

J : પીળો દડો પેટી 2 માં નથી. લાલ દડો પેટી 1 માં છે.

K : પીળો દડો પેટી 3 માં નથી. લીલો દડો પેટી 2 માં છે.

L : લીલો દડો પેટી 3 માં છે. લાલ દડો પેટી 1 માં નથી.

174. પેટી 1 માં __________ છે.

(A) લાલ દડો
(B) પીળો દડો
(C) લીલો દડો
(D) નક્કી કરી શકાય નહી

175. પીળો દડો __________ માં છે.

(A) પેટી 1
(B) પેટી 2
(C) પેટી 3
(D) પેટી 2 અથવા પેટી 3

176. જો આપણે K દ્વારા આપેલું બીજું વિધાન અવગણીએ અને તેણે આપેલું પહેલું વિધાન સાચું માનીએ, તો બાકીની શરતોનું પાલન કરતાં કેટલી ગોઠવણી શક્ય બનશે ?

(A) 3
(B) 4
(C) 5
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

★ (નિર્દેશ પ્રશ્નો 177-181) નીચેના પ્રશ્નોમાં એક/બે વિધાન અને તેની નીચે બે તારણો આપવામાં આવ્યા છે. તેમનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી તમારા વિકલ્પ આ મુજબ આપો –

(A) જો માત્ર તારણ I વિધાન ને અનુસરે છે

(B) જો માત્ર તારણ II વિધાન ને અનુસરે છે

(C) જો બંને તારણ I અને તારણ II વિધાનને અનુસરે છે

(D) જો બંને તારણ I કે તારણ II પૈકી કોઈપણ વિધાનને અનુસરતા નથી

177. વિધાન : સુધારકને જેમને જૂની વ્યવસ્થાથી લાભ થતો હોય તેઓમાં દુશ્મનો મળે છે અને જેમને નવી વ્યવસ્થાથી લાભ થાય તેઓમાં ઓછા ઉત્સાહવાળા સંરક્ષકો મળે છે.

તારણો :

I. જેમને જૂની વ્યવસ્થાથી ફાયદો થાય છે તેઓ સુધારકના શત્રુઓ છે.

II. જેમને નવી વ્યવસ્થાથી ફાયદો થાય છે તેઓ સુધારકના શત્રુઓ નથી.

178. વિધાન : સંસદ સંદર્ભે રાષ્ટ્રપતિએ બંધારણ હેઠળ કેટલાક બીજા કાર્યો કરવાના હોય છે.

તારણો :

I. રાષ્ટ્રપતિ સંસદના મોટા ભાગના કાર્યો કરે છે.

II. રાષ્ટ્રપતિ માત્ર સંસદના સંદર્ભમાં જ કાર્યો કરે છે.

179. વિધાન : પ્રાચીન વસ્તુઓ એક પ્રદર્શનમાં મૂકવામાં આવે છે. સામાન્ય માણસને તે ખરીદવા માટે ઘણી વધારે મોંઘી છે.

તારણો :

I. સામાન્ય માણસ પ્રાચીન વસ્તુઓ ખરીદતા નથી.

II. પ્રદર્શનમાં મુકેલ વસ્તુઓ હંમેશા કીમતી હોય છે.

180. વિધાન : તાજેતરમાં વિદેશની ધરતી પર ક્રિકેટ ટીમના પ્રદર્શનમાં સુધારો થયો છે.

તારણો :

I. અગાઉની ટીમો વિદેશમાં રમતી વખતે કુશળ ન હતી.

II. વિદેશોમાં મેચ જીતવી મુશ્કેલ હોય છે.

181. વિધાન : ભારતમાં તમામ જગ્યાએ વધેલા કૃષિ ઉત્પાદનોમાં ખેડૂતોનો હાથ છે.

તારણો :

I. ભારતના 80% ખેડૂતો પાસે 1 હેક્ટરથી ઓછી જમીન છે.

II. નાની જમીનોમાં મોટી જમીનો કરતાં વધારે ઉત્પાદકતા છે.

182. X અને Y ની હાલની ઉંમરનો ગુણોત્તર 2 : 3 છે. તથા 5 વર્ષ પછી તે 7 : 10 થશે. તો આજથી 15 વર્ષ પછી તે ગુણોત્તર કેટલો થશે ?

(A) 3 : 4

(B) 3 : 5

(C) 4 : 5

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

183. 's' થી શરૂ થતાં સતત આવતા 5 પૂર્ણાંકોનો સમાંતર મધ્યક 'a' છે. તો s + 2 થી શરૂ થતાં સતત આવતા 9 પૂર્ણાંકોનો સમાંતર મધ્યક કેટલો થશે ?

(A) a + 2

(B) a + 3

(C) a + 4

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

184. રમેશે તેની કંપનીના પાંચ ઉપ પ્રમુખોના માસિક પગારનું વિશ્લેષણ કર્યું. બધા પગારના આંકડા પૂર્ણાંક લાખમાં છે. પગારના આંકડાનો મધ્યક અને મધ્યસ્થ રૂા. 5 લાખ છે તથા તેનો એકમાત્ર બહુલક રૂા. 8 લાખ છે. આપેલા વિકલ્પો પૈકી કયો વિકલ્પ મહત્તમ અને લઘુતમ પગાર (રૂા. લાખમાં)નો સરવાળો દર્શાવે છે ?

(A) 7 લાખ
(B) 8 લાખ
(C) 9 લાખ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

185. ત્રિકોણ ABC માં D, E અને F એ અનુક્રમે AB, AC અને BC ના મધ્યબિંદુઓ છે. P, Q અને R એ DE, DF અને EF ના મધ્યબિંદુઓ છે. તો ત્રિકોણ PQR અને સમાંતરબાજુ ચતુષ્કોણ ADFE ના ક્ષેત્રફળનો ગુણોત્તર કેટલો થશે ?

(A) 1 : 8
(B) 1 : 2
(C) 1 : 3
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

186. નીચે આપેલી આકૃતિમાં, સમદ્વિબાજુ ત્રિકોણ ABE નું ક્ષેત્રફળ 72 ચો સેમી, BE = AB અને AB = 2 AD, AE || DC છે, તો સમલંબ ચતુષ્કોણ ABCD નું ક્ષેત્રફળ કેટલું હશે ?




(A) 136 ચો સેમી
(B) 144 ચો સેમી
(C) 154 ચો સેમી
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

★ (પ્રશ્નો : 187-190) જુદા જુદા રંગોના સાત બોક્સ- લાલ, નારંગી, પીળો, લીલો, કાળો, વાદળી અને નીલો – એક ઉપર એક મૂકવામાં આવ્યા છે, જે તે જ ક્રમમાં મૂકેલ હોય તે જરૂરી નથી. પ્રત્યેક બોક્સ ને 101, 121, 151, 191, 231, 221 અને 225 એમ અલગ અલગ નંબર આપેલા છે, જે તે જ ક્રમમાં હોય તે જરૂરી નથી. નીલા રંગના બોક્સ અને 221 નંબરના બોક્સની વચ્ચે માત્ર 03 બોક્સ મૂકેલા છે. નીલા રંગના બોક્સ અને નારંગી રંગના બોક્સ વચ્ચે બે બોક્સ મૂકેલા છે. નારંગી રંગનું બોક્સ 221 નંબરના બોક્સની નીચે ક્યાંક મૂકેલું છે. નારંગી રંગના બોક્સ અને 121 નંબરના બોક્સની વચ્ચે માત્ર 01 બોક્સ મૂકેલા છે. કાળા રંગનું બોક્સ 225 નંબરના બોક્સની તરત નીચે અને 221 નંબરના બોક્સની તરત ઉપર મૂકેલું છે. કાળા રંગના બોક્સ અને બોક્સ નંબર 101 વચ્ચે માત્ર એક બોક્સ છે. કાળા રંગના બોક્સને આપેલ નંબર 191 કે 231 નથી. 151 નંબરના બોક્સ અને વાદળી રંગના બોક્સ વચ્ચે માત્ર બે બોક્સ છે. વાદળી રંગના બોક્સ અને તેની તરત નીચે મૂકેલા બોક્સને આપેલ નંબર વચ્ચેનો તફાવત 80 કરતા ઓછો છે. પીળા રંગનું બોક્સ સૌથી ઉપર નથી. પીળા રંગના બોક્સનો નંબર 121 નથી. પીળા રંગના બોક્સ અને લાલ રંગના બોક્સ વચ્ચે માત્ર 02 બોક્સ મૂકેલા છે.

187. નીચે આપેલા ચાર વિકલ્પો પૈકી કોઈ ત્રણ એક ચોક્કસ રીતે સરખા છે અને એક સમૂહ બનાવે છે. તે પૈકી કયો વિકલ્પ તે સમૂહમાં આવતો નથી ?

(A) નારંગી રંગનું બોક્સ 121
(B) પીળા રંગનું બોક્સ 191
(C) લાલ રંગનું બોક્સ 231
(D) કાળા રંગનું બોક્સ 101

188. આપેલી બોક્સની ગોઠવણીમાં લીલા રંગના બોક્સની સ્થિતિ કઈ છે?

(A) ઉપરથી પ્રથમ
(B) નીચેથી બીજું
(C) ઉપરથી ચોથું
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

189. નીચે પૈકી કયા બોક્સને નંબર 231 આપેલ છે ?

(A) વાદળી
(B) નારંગી
(C) લાલ
(D) નીલો

190. કાળા રંગના બોક્સ અને 121 નંબરના બોક્સની વચ્ચે કેટલા બોક્સ મૂકેલા છે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ત્રણ કરતાં વધારે

191. નીચે આપેલી આકૃતિમાં AB || CD || EF, PQ || RS, ∠RQD = 25° અને ∠CQP = 60°, તો ∠QRS નું મૂલ્ય કેટલું થશે ?




(A) 125°
(B) 130°
(C) 135°
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

192. જો બે ધન પૂર્ણાંકો p અને q માટે $p \neq q$ હોય તો નીચે પૈકી કયું વિધાન સત્ય છે?

(A) $\frac{p+q}{2} = \sqrt{pq}$
(B) $\frac{p+q}{2} > \sqrt{pq}$
(C) $\frac{p+q}{2} < \sqrt{pq}$
(D) તમામ સાચા છે

193. ધન પૂર્ણાંકો (x, y) માટે $4x - 17y = 1$ અને $x < 1000$ હોય તો y ના કેટલા પૂર્ણાંક મૂલ્યો આપેલી શરતો પરિપૂર્ણ કરશે ?

(A) 56
(B) 57
(C) 58
(D) 59

194. $x + |y| = 8$, $|x| + y = 6$. તો x, y ની કેટલી જોડીઓ આ બે સમીકરણનો ઉકેલ હશે ?

(A) 0 (B) 1 (C) 2 (D) 4

195. 225 વડે વિભાજ્ય હોય એવી માત્ર 0 અને 1 અંકોથી બનેલી સંખ્યામાં ઓછામાં ઓછાં કેટલા અંકો હશે ?

(A) 4 (B) 7 (C) 9 (D) 11

196. જો $3^{2x+3} - 244(3^x) = -9$ હોય તો નીચે પૈકી કયુ વિધાન સત્ય છે ?

(A) $x$ એ ધન સંખ્યા છે
(B) $x$ એ ઋણ સંખ્યા છે.
(C) $x$ ધન અથવા ઋણ પૈકી કોઈપણ હોઈ શકે
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



Downloaded from www.marugujarat.in

www.marugujarat.in

197. એક બાઈકની કિંમત રૂા. 96,000 છે. તેની કિંમતમાં પહેલા વર્ષે 30% જેટલું અવમૂલ્યન થાય છે અને ત્યારપછીના દરેક વર્ષની શરૂઆતની કિંમતના 20% જેટલું અવમૂલ્યન થાય છે. તો બાઈકની ત્રણ વર્ષ પછીની કિંમત કેટલી થશે ?

(A) રૂા. 43,008
(B) રૂા. 48,000
(C) રૂા. 52,018
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

198. 'ASSISTANT' શબ્દમાંથી એક અક્ષર અને 'STATISTICS' શબ્દમાંથી બીજો એક અક્ષર યથેચ્છ રીતે લેવામાં આવે છે. તો તેઓ સરખા જ અક્ષરો હોય તેની સંભાવના કેટલી ?

(A) 23/90
(B) 7/30
(C) 19/90
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

199. ચા ની કિંમત 20% વધવાને લીધે એક વ્યક્તિ તેનો વપરાશ 20% જેટલો ઘટાડે છે. તો ચા માટેના તેના ખર્ચમાં કેટલા ટકાનો ઘટાડો થશે ?

(A) 2%
(B) 4%
(C) 6%
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

200. 5 વાગીને 15 મિનિટે ઘડિયાળના કાંટા વચ્ચેનો ખુણો કેટલો હશે?

(A) $58\frac{1}{2}^{\circ}$
(B) $62\frac{1}{2}^{\circ}$
(C) $68\frac{1}{2}^{\circ}$
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

---



Downloaded from www.marugujarat.in

CLICK HERE

@marugujarat_in

JOIN OUR
TELEGRAM
CHANNEL

MaruGujarat.in

Gujarat's No. 01
Educational Website

WHATSAPP:(+91)9624666679
WWW.MARUGUJARAT.IN